# નવાબ મલિકને કોર્ટ તરફથી મોટી રાહત, ખાનગી હૉસ્પિટલમાં ઇલાજ કરવા કોર્ટે આપી મંજૂરી

મુંબઇઃ રાજ્યના કેબિનેટ પ્રધાન નવાબ મલિકને ખાનગી હૉસ્પિટલમાં સારવાર માટે વિશેષ પીએમએલએ કોર્ટ તરફથી પરવાનગી મળી છે. સ્પેશિયલ કોર્ટના જજ આર.એન રોકડેએ તબીબી આધાર પર મંજૂરી આપી છે. સ્પેશિયલ કોર્ટ આર્થર રોડના જેલના અધિક્ષકને આદેશ આપ્યો છે કે મલિકને સારવાર માટે ક્રિટિકેર હૉસ્પિટલમાં દાખલ કરે. હૉસ્પિટલનું બિલ તેમને ચૂકવવું પડશે અને તેમની સુંરક્ષામાં સામેલ પોલીસ એસ્કોર્ટનો ખર્ચ પણ ઉઠાવવો પડશે. વિશેષ અદાલતે જેલ અધિક્ષકને અઠવાડિયા બાદ મલિકની તબીયતની તપાસ કરવાનો નિર્દેશ આપ્યો છે. કોર્ટ નિર્દશમાં ક્હ્યું છે કે જો આરોપી સ્વસ્થ થઇ જાય અને ડૉકટર રજા આપે તો જેલના અધિક્ષક આરોપીને તાત્કાલિક આર્થર રોડ જેલમાં ટ્રાન્સફર કરી દેશે. કોર્ટે હૉસ્પિટલના મેડિકલ ઓફિસરને દાખલ થવાનો સમયગાળો અંગેનો રિપોર્ટ રજૂ કરવા ક્હ્યું છે . કોર્ટ સારવાર દરમિયાન તેની પુત્રી નિલોફરને સાથે રહેવાની મંજૂરી આપી છે. ઉપરાંત, કોર્ટે મલિકને સૂચના આપી છે કે તે હોસ્પિટલમાં દાખલ થવા દરમિયાન આપવામાં આવેલી સ્વતંત્રતાનો દુરુપયોગ નહીં કરે. મુંબઇના અંડરવર્લ્ડ ડોન દાઉદ ઇબ્રાહિમ અને તેના સહયોગીઓની ગતિવિધિઓ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં ઇડીએ મલિકની ૨૩, ફેબ્રુઆરીએ ધરપકડ કરી હતી અને તે કસ્ટડીમાં હતા.

# કેડીએમસીનો માસ્ટર પ્લાન તૈયાર

## ભયજનક ઇમારતોને જૂન મહિના પહેલાં તોડી પાડવામાં આવશે

મુંબઇઃ કલ્યાણ-ડોબિંવલી મહાનગર પાલિકા વહીવટીતંત્રએ વરસાદ શરૂ થતાં પહેલાં સાવચેતીનાં પગલાંરૂપે ભયજનક ઇમારતોના રહેવાસીઓને જૂન મહિના પહેલા મકાનો ખાલી કરવા માટેની નોટિસ મોકલાવી છે. ૯૨ જર્જરિત ઇમારતોને જૂન મહિના પહેલાં તોડી પાડવાનો કેડીએમસીએ માસ્ટર પ્લાન તૈયાર કર્યો છે. આના કારણે રહેવાસીઓના જીવ તાળવે ચોંટિયા છે. કલ્યાણ-ડોબિંવલી પાલિકાના કાર્યક્ષેત્ર વિસ્તારમાં આશરે ૨૨૫ ભયજનક ઇમારતો છે. આખા વર્ષ દરમિયાનમાં આમાંથી ૧૩૩ ઇમારતોને પાલિકાએ ખાલી કરાવી છે.

વરસાદ શરૂ થતાની સાથે જ નગરપાલિકા ક્ષેત્રના વિસ્તારમાં પડુ પડુ થતી જોખમી ઇમારતોનો પ્રશ્ન નાગરિકોને સતાવી રહ્યો છે. વર્ષ ૨૦૧૫માં ઠાકુર્લીમાં ભયજનક ઇમારત ધરાસાયી થતા આ અકસ્માતમાં આઠ લોકોનાં મોત થયાં હતાં. હવે વહીવટીતંત્ર ચોમાસાના બે મહિના પહેલાં જાગી ગયું છે અને સાવચેતીનાં પગલાં લીધાં હતાં, પરંતુ નક્કર પગલાં લેવાને બદલે સત્તાધીશો માત્ર મકાન ખાલી કરવાની નોટિસ આપીને ધન્યતા અનુભવે છે. ચોમાસા સિવાયના આઠ મહિના દરમિયાન વહીવટીતંત્ર કોઇ જ પ્રકારની કાર્યવાહી કરતું નથી. જો કે છેલ્લાં બે વર્ષમાં પાલિકાએ ૧૩૩ જોખમી ઇમારતો ખાલી કરાવી છે. તમામ વોર્ડ સત્તાવાળાઓ દ્વારા ભયજનક ઇમારતોને તાત્કાલિક ખાલી કરવાના આદેશો આપ્યા હોવા છતાં, જ્યાં સુધી પુનર્વસન ન થાય ત્યાં સુધી રહેવાસીઓ મકાનો ખાલી કરવાના મૂડમાં નથી.

આ ઇમારતોમાં પચીસ વર્ષથી વધુ સમયથી રહેવાસીઓ રહે છે. તેઓએ પાઘડી પદ્ધતિ દ્વારા એક વખત રૂપિયા ચૂકવીને મકાનો ખરીદ્યાં છે. તેઓ માસિક ભાડું પણ ચૂકવે છે. રહેવાસીઓ મકાનો ખાલી કરવા રાજી નથી, જ્યારે મકાનમાલિકો ઇમારતોનું સમારકામ કરાવતા નથી. સમારકામના અભાવે આ ઇમારતો જર્જરિત બની ગઇ છે. રિડેવલોપમેન્ટનું કામ અટકી પડયું છે.

## પારસી મરણ

વીલુ નેવીલ પીર તે નેવીલના ધણિયાની. તે મરહુમો ફ્રેની હોશંગ બાલદાવાલાના દીકરી. તે હનોઝ ને વીનાઝના માતાજી. તે યઝદીના બહેન. તે ખુશનાઝ ને મેહરઝાદના સાસુજી. તે વેદાનના બપઇજી. તે યઝદીના ભાભી. (ઉ. વ.૫૭) રે. ઠે. ૧/ બી, ફ્લેટ નં.૫, તાતા મીલ કો. હા. સો. આંબેડકર રોડ, પરેલ મુંબઇ-૪૦૦૦૧૨. ઉઠમણાંની ક્રિયા તા. ૧૬-૫-૨૨ને દીને બપોરે ૩.૪૫ વાગે સેથના અગિયારી તારદેવ.

## જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

વિંછીયા (હાલ વિરાર) સ્વ. લલીતાબેન મુળચંદભાઈના પુત્ર સુરેશભાઈ, (ઉં. વ. ૭૫) તા. ૧૪-૫-૨૨ના અરિહંતશરણ પામેલ છે. તે ઈન્દુબેનના પતિ. હિરેન તથા આશિષના પિતાશ્રી. ડિમ્પલ તથા હિરલના સસરા. તે સરવા નિવાસી સ્વ. પ્રેમચંદ મોહનલાલ વોરાના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**વિશાશ્રીમાળી સ્થા. જૈન**

બોટાદ હાલ નાલાસોપારા સ્વ. શારદાબેન બુધાલાલ દોશીના સુપુત્ર જગતભાઈ (ઉં. વ. ૬૪) તા. ૧૧/૦૫/૨૨ (બુધવારના) અરિહંતશરણ પામેલ છે. તેઓ રૂપાબેન (રક્ષાબેન)ના પતિ. વિધિ ફૃણાલકુમાર જોગાણી તથા વંદન- મેઘાના પપ્પા. કિશોરભાઈ-ઈલાબેન તથા પલ્લવીબેન કિરીટભાઈ મહેતાના ભાઈ. સ્વ. તારાબેન વર્ધમાન દોશીના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ભાવનગર હાલ બોરીવલી સુરેશ અમૃતલાલ શાહ (ઉં. વ. ૬૫) શુક્રવાર ૧૩.૦૫.૨૨ના અરિહંત શરણ પામ્યા છે. તે કિરણબેનના પતિ અને રમણીકલાલ જગજીવનદાસ વોરા તણસા રાજપરા પાલઘર ના જમાઇ. સ્વ. તે પ્રતિભાબેન, સ્વ. ભાવનાબેન, ભદ્રાબેન, નરેન્દ્રભાઈના ભાઈ. નીરવભાઈ અને શ્રદ્ધાબેનના પિતાશ્રી. ભાવિકા અને હર્ષિલના સસરાજી. લૌકિક વ્યવહાર રાખેલ નથી. ચક્ષુદાન કરેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

પત્રીના માતુશ્રી લક્ષ્મીબેન (ગંગાબાઇ) સૈયા (ઉં. વ. ૯૩) તા. ૧૩-૫ના અવસાન પામેલ છે. તે તેજબાઇ વીરજી સૈયાના પુત્રવધૂ. સ્વ. મોરારજી વીરજીના પત્ની. મેઘજી, વસંત, અશ્વિન, સ્વ. દિના, મંજુલા, હેમવંતી, પ્રવિણાના માતાજી. સમાઘોઘા માંકબાઇ સોજપાર ચનાના પુત્રી. મનોજ્ઞસાગર મ.સા., કસ્તુરસાગર મ.સા., ખીમજી, મકાબાઇ, લક્ષ્મીબેન કરમશી, વાંકીના પાનબાઇ કેશવજી, પત્રીના મણીબેન શામજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. વસંત સૈયા, બી.બી.-૨૦૮, નવનીતનગર, દેશલેપાડા, ડોંબીવલી (ઇસ્ટ).

**દશા શ્રીમાળી જૈન**

પોરબંદર ઘાટકોપર ડો. નવીનચંદ્ર શાહ (ઉં. વ. ૮૬) તા. ૧૩-૫-૨૨ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. વંદ્રાવનદાસ હરજીવનદાસ તથા સ્વ. ધનકુંવરબેન શાહના સુપુત્ર. સ્વ. દિવ્યાબેનના પતિ. તે સ્મિતા જયેશભાઇ મહેતા અને દર્શના હિરેનભાઇ મહેતાના પિતા. તે કોકીલાબેન, શ્રીકાંતભાઇના વડીલ બંધુ. તથા હીરાબેન શશીકાંતભાઇના દિયર. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા રાખેલ નથી.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ધારી હાલ વિરાર સ્વ. મગનલાલ વલ્લભજી ઘેલાણીના સુપુત્ર સ્વ. રજનીભાઇના ધર્મપત્ની વસુધાબેન (ઉં. વ. ૭૭). જયદીપ મેહુલ તથા અમી વિરેન સરવૈયાના માતુશ્રી. તે ઘુઘરાળા નિવાસી સ્વ. ચંપાબેન મોહનલાલ બદાણીની દીકરી. તે સ્વ. ચંદુભાઇ, ભુપેનભાઇ, જયેશભાઇ તથા જયોતીબેન, હંસાબેન, મધુબેન, દીનાબેન, જયશ્રીબેન, ભારતીબેન તથા નીતાબેનના ભાભી. તા. ૧૩-૫-૨૨ના શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## હિન્દુ મરણ

**વિશા દિશાવાળ**

કુમુદબેન શાહ (ઉં. વ. ૭૭) (સરઢવ) કાંદિવલી તા. ૧૩/૦૫/૨૨ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. રમણલાલ વાડીલાલ શાહના પત્ની. સ્વ. કાંતિલાલ બબલદાસ શાહના પુત્રી. રાકેશ, કલ્પેશ અને મિતેષના માતા. જીગીશા, ભક્તિ (શીતલ) અને રાખીના સાસુ. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ લોહાણા**

ચોરવાડ, ગોખરમઢી, હાલ ભાયંદર ગિરધરભાઈ (ઉં. વ. ૪૭) તે સ્વ. મંજુલાબેન કલ્યાણજી જમનાદાસ રતનધાયરાના પુત્ર. મમતાના પતિ, ચિ. બંસી અને ખુશીના પિતાશ્રી. પ્રવીણભાઈ પરષોત્તમ કાનાબારના જમાઈ. ગં.સ્વ. પ્રફુલા કાંતિલાલ રાયઠ્ઠા તથા અશોકભાઈ અને જગદીશભાઈના ભાઈ. તા. ૧૨/૦૫/૨૨, ગુરુવારના રાજકોટ મુકામે શ્રીજીચરણ પામેલ છે. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૬/૦૫/૨૦૨૨, સોમવારના ૫ થી ૭ સ્વામિનારાયણ મંદિર હોલ, સાઈબાબા હોસ્પીટલની પાછળ, બી.પી. રોડ, ભાયંદર (ઈસ્ટ) મધ્યે રાખેલ છે.

**હાલાઈ લોહાણા**

ધ્રાંગધ્રા નિવાસી, હાલ વસઈ. ગં.સ્વ. નર્મદાબેન (ઉં. વ. ૮૫), તે સ્વ. હિંમતલાલ ભૂધરલાલ પૂજારાના ધર્મપત્ની. સ્વ. કેશવલાલ અને સ્વ. રૂકમણી બેન કારિયાના દીકરી. કિરીટભાઈ, અશોકભાઈ, રીટાબેન, કોકીબેન, પ્રતિમાબેન મીતાબેનના માતૃશ્રી. પ્રતિક, દિશા, સિદ્ધિ, રાજ અને રિશી, મૂર્તિના દાદી. મીતા, પલ્લવી, તનસુખકુમાર, ભરતકુમાર, દિનેશકુમાર, નિલેશકુમારના સાસુ તા. ૧૨/૫/૨૨, ગુરુવારના અક્ષરનિવાસી થયા છે. પ્રાર્થનાસભા સ્થળઃ વિશ્વકર્મા હોલ, આનંદ નગર, સ્ટેશન રોડ, વસઈ (વેસ્ટ). તા. ૧૬/૫/૨૨, સોમવારના ૪ થી ૬.

**કચ્છી લોહાણા**

સ્વ. મોંઘીબેન તથા સ્વ. ઠા. ગાંગજી હરિરામ પોપટ (કચ્છ ગામ વરલીવાળા)ના પુત્ર મોહનલાલ હાલ ઘાટકોપર (ઉં. વ. ૮૯) તા. ૧૨-૫-૨૨ ગુરુવારે શ્રીરામશરણ પામેલ છે. ગં. સ્વ. સરસ્વતીબેનના પતિ સ્વ. સાકરબેન તથા સ્વ. ઠા. વેલજી પૂંજાભાઇ પંડિતપૌત્રાના જમાઇ. સ્વ. ઠા. તુલસીદાસ, સ્વ. માવજી, સ્વ. શીવજી, સ્વ. કરસનદાસ, સ્વ. છગનલાલ, સ્વ. પ્રેમાબેન, સ્વ. ઝવેરબેન, સ્વ. લક્ષ્મીબેનના ભાઇ. દક્ષાબેન વીરેન્દ્ર, રાજેશ, અનંત, કેતન, વીણા, મનીષા, કલ્પનાના પિતા-સસરા. બન્ને પક્ષની પ્રાર્થનાસભા રવિવાર તા. ૧૫-૫-૨૨ના સાંજે ૫થી ૬.૩૦. ઠે. લાયન્સ કોમ્યુનિટી હોલ, ગારોડિયા સ્કૂલની બાજુમાં, ગારોડિયાનગર, ઘાટકોપર (ઇસ્ટ), બૈરાઓએ તેજ દિવસે આવી જવું, લૌકિક વ્યવહાર બંધ છે.

**નાઘેર દશા શ્રીમાળી વણિક**

ઘાંટવડ હાલ ઘાટકોપર ધીરજલાલ દામોદરદાસ ઝાટકીયા (ઉં. વ. ૮૨) જે સ્વ. દમયંતીબેનના પતિ. ઇલા હિતેશભાઇ, પરેશ તથા અનિતા કેતનભાઇના પિતા. સૌ. જાગૃતિના સસરા. સ્વ. જયાબેન, સ્વ. સમરતબેન, સૌ. શાંતાબેન, સ્વ. નિર્મલાબેન, સ્વ. સવિતાબેન, સ્વ. કાંતિભાઇ, સ્વ. જગદીશભાઇ તથા જીતેન્દ્રભાઇના ભાઇ. ટીમ્બી નિવાસી સ્વ.લલ્લુભાઇ માધવજી શાહના જમાઇ. શનિવાર તા. ૧૪-૫-૨૨ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૬-૫-૨૨ના સાંજના ૫થી ૬.૩૦. ઠે. લાયન્સ કોમ્યુનિટી હોલ, ગારોડિયા નગર, ઘાટકોપર (ઇસ્ટ).

**હાલાઇ લોહાણા**

કુવાડવા (રાજકોટ) હાલ કાંદિવલી ચંદ્રીકાબેન તથા ભીખુભાઇ આડઠક્કર (ભજીયાવાળા)ના પુત્ર સ્વ. હિરેનભાઇ (ઉં. વ. ૩૮) તે હીનાબેન અને આરતીબેનના ભાઇ. અને દિવ્યેશકુમાર કારિયા તથા હિતેશકુમાર કોઠારીના સાળા. અરવિંદભાઇ આડઠક્કરના ભત્રીજા. તે હરેશ, નરેશના ભાઇ તા. ૧૩-૫-૨૨ના શનિવારના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## મરણ નોંધ માટે ખાસ સૂચના

કોરોના વાઇરસની હાલની પરિસ્થિતિને ધ્યાનમાં લઇને મરણ નોંધ આપવા માટે ‘મુંબઈ સમાચાર’ના કાર્યાલય સુધી આવવાને બદલે ઇ-મેલથી મોકલી શકાશે. લેટરહેડ પર મરણનોંધ મોકલવા ઉપરાંત ડેથ સર્ટિફિકેટ અથવા લાકડાની રસીદ સાથે મોકલવી અનિવાર્ય રહેશે.

ઇ-મેલઃ samachar.bombay@gmail.com

- વ્યવસ્થાપક

# લાતુરમાં તળાવમાં ડૂબી જવાથી પાંચ મહિલાનાં મોત

લાતુરઃ કપડાં ધોવા માટે તળાવ પર ગયેલી પાંચ મહિલાના ડૂબી જવાથી મોત થયાં હોવાની ઘટના લાતુરમાં બની હતી. તળાવમાં ડૂબેલી પાંચેય મહિલા પરભણીના પાલમ તાલુકાના રહેવાસી હતી, એમ પોલીસે જણાવ્યું હતું.

મૃતકોની ઓળખ રાધાબાઇ ધોંડિબા આડે, કાજલ ધોંડિબા આડે, અરૂણા ગંગાધર રાઠોડ, દિક્ષા ધોંડિબા આડે અને સુષમા સંજય રાઠોડ તરીકે થઇ હતી. શેરડી કાપવાના કામ માટે તેઓ જણ પાંચ મહિના પહેલા પરભણીથી અહમદપુર તાલુકામાં આવી હતી. શનિવારે સવારે પાંચેય મહિલા કપડાં ધોવા માટે તુળશીરામ તાંડા ખાતેના તળાવ પર ગઇ હતી. કપડાં ધોતી વખતે એક મહિલાનો પગ લપસતાં તે પાણીમાં પડી હતી અને ડૂબવા લાગી હતી. તેને બચાવવા માટે બાકીના ચાર મહિલાએ પણ પાણીમાં ઝંપલાવ્યું હતું. જોકે તરતા આવડતું ન હોવાથી પાંચેય મહિલા પાણીમાં ડૂબી ગઇ હતી. તેમને ડૂબતા જોઇ ત્યાં હાજર ૧૦ વર્ષના બાળકે બૂમાબૂમ કરી મૂકી હતી, જેને પગલે ગામવાસીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પાંચે જણને બહાર કાઢ્યા બાદ હોસ્પિટલમાં લઇ જવાઇ હતી, જ્યાં તેમને મૃત જાહેર કરવામાં આવી હતી.

# પોલીસ કર્મચારીને લાફો મારી ગાળો ભાંડનારા આરોપીને ચાર વર્ષની કેદ

મુંબઈઃ પોલીસ કર્મચારીને લાફો મારીને ગાળો ભાંડનારા આરોપીને કોર્ટે દોષી ઠેરવીને ચાર વર્ષની કેદ ફટકારી હતી. આરોપી અનિલ ઘોલપને સજા ઉપરાંત દંડ પણ ફટકારાયો હોઇ દંડની રકમ ન ભરે તો તેને વધુ ત્રણ મહિલાની જેલ ભોગવવાનો કોર્ટે આદેશ આપ્યો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર ૨૦૧૧માં આ ઘટના બની હતી. સાયન પોલીસ સ્ટેશનમાં કાર્યરત પોલીસ કર્મચારી કલ્પેશ મોકુળે ૧૧ મે, ૨૦૧૧ના રોજ સાયનમાં એટીએમ સેન્ટરની બહાર આરોપી અનિલ ઘોલપ અને મહેશ મારીમૂથુને ઝઘડતા જોયા હતા. મોકુળ એ સમયે સાદાવેશમાં હતો અને તેણે પોતાની ઓળખ પોલીસ તરીકે આપીને ઝઘડી રહેલા આરોપીઓને શાંત પાડવાનો પ્રયાસ કર્યો હતો. જોકે આરોપીઓએ મોકુળેને લાફો માર્યો હતો અને ગાળો ભાંડી હતી. દરમિયાન અન્ય પોલીસ કર્મચારીઓની મદદથી બંને આરોપીને પકડીને પોલીસ સ્ટેશનમાં લવાયા હતા, જ્યાં તેમની વિરુદ્ધ ગુનો દાખલ કરીને તેમની ધરપકડ કરવામાં આવી હતી. આ કેસની સુનાવણી દરમિયાન આરોપી મારીમૂથુનું મૃત્યુ થયું હતું.

# માથેરાન અને નેરળમાં મિની બસ દોડશે

મુંબઇઃ રાજ્યના પરિવહન વિભાગે માથેરાન હિલ સ્ટેશન મ્યુનિસિપલ કાઉન્સિલની મિનીબસ સેવા શરૂ કરવાની દરખાસ્તને લીલી ઝંડી આપી દીધી છે. એમએસઆરટીસીના વિભાગીય નિયંત્રકે નેરલ અને માથેરાન વચ્ચે મિનીબસ સેવા શરૂ કરવા માટે ન વાંધા પ્રમાણપત્ર (એનઓસી) પણ જારી કર્યું છે. બે મિની બસ ખરીદવા માટે ૪૦ લાખ રૂપિયાના બજેટની જોગવાઇ કરવામાં આવી છે, એમએચએસએમસીના મુખ્ય અધિકારીએ જણાવ્યું હતું. એમએચએસએમસીની જનરલ બોડીએ ગયા વર્ષે મિનીબસ સેવા શરૂ કરવાનો ઠરાવ પસાર કર્યો હતો.

## છેલ્લા પાનાનું ચાલુ

### મુંબઈ મહાનગરપાલિકા

કરવો એવો આદેશ સુપ્રીમ કોર્ટે રાજ્ય ચૂંટણી પંચને આપ્યો હતો. સુપ્રીમ કોર્ટના આદેશ પહેલાં મુંબઈ મનપાએ ડ્રાફ્ટ વોર્ડ રચના જાહેર કરી હતી અને તેના પર વાંધા-વિરોધ, સુચનોની કાર્યવાહી ૧૦ માર્ચે પૂર્ણ કરી નાખી હતી. તેનો અહેવાલ પણ રાજ્ય સરકારને મોકલવામાં આવ્યો હતો. તેનું પ્રેઝન્ટેશન મુંબઈના મ્યુનિસિપલ કમિશનરે ગયા મંગળવારે કર્યું હતું અને તેને રાજ્ય ચૂંટણી પંચે મંજૂરી આપી હતી અને તેને આધારે હવે અંતિમ વોર્ડ રચના જાહેર કરવામાં આવી છે. હવે ટૂંક સમયમાં આરક્ષણ જાહેર કરવામાં આવશે. આગામી ચૂંટણી ત્રિસદસ્ય (ત્રણ નગરસેવકોનો એક વોર્ડ) પદ્ધતિએ કરવામાં આવશે. તેને આધારે શહેરમાં ૫૮ વોર્ડમાંથી ૧૭૩ નગરસેવકો ચૂંટાઈ આવશે. આમાંથી ૫૭ વોર્ડમાં ત્રણ નગરસેવકોનો જ્યારે એક વોર્ડ બે નગરસેવકોનો હશે.

### જોગેશ્વરીના

મેળવ્યા હતા. આ જ નંબર પરથી વેપારીને ખંડણી માટે ફોન કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યા બાદ પોલીસે સંતોષની શોધ આદરી હતી. સંતોષ શામા ભાડાના ઘરમાં રહેતો હતો અને તેણે બે મહિના પહેલા જ ઘર ખાલી કરી દીધું હતું. આથી તે મળી આવતો નહોતો. આખરે પોલીસે મળેલી માહિતીને આધારે સંતોષને અંધેરી પૂર્વથી ઝડપી પાડ્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું.

### રાણીબાગ

નામની માદા રીંછને હવે શિવા નામનો જોડીદાર મળ્યો છે. આ નર રીંછ અને દીપડાની જોડી રાણીબાગને ભેટમાં આવી છે. આગામી બે-ત્રણ દિવસમાં પર્યટકો આ નવા મહેમાનોને જોઈ શકશે. હાલ ભાયખલા પ્રાણી સંગ્રહાલયમાં ૩૩૦થી વધુ પ્રાણી, પક્ષી અને સરિસૃપ છે. જેમાં વાંદરા, હરણ, હાથી, પૅંગ્વિન, મગર, હિપ્પોપોટેમસ વગેરેનો સમાવેશ થાય છે. સામાન્ય દિવસમાં રાણીબાગની મુલાકાતે પાંચથી છ હજાર પર્યટકો આવતા હોય છે. પરંતુ હાલ વેકેશન હોવાની સાથે જ નવા મહેમાનના આગમનને કારણે રોજના ૧૫થી ૨૦,૦૦૦ પર્યટકો રાણીબાગની મુલાકાતે આવતા હોય છે.

### ઓવેસીની

દેશનો ઈતિહાસ ખબર છે. ઔરંગઝેબે પોતાના કાર્યકાળમાં શું કર્યું તેની પણ બધાને જાણકારી છે. મહારાષ્ટ્રની બહારથી આવીને લોકો રાજ્યમાં વિવાદ સર્જે તે યોગ્ય નથી. આ બધું શાંત મહારાષ્ટ્ર રાજ્યમાં નવા વિવાદ પેદા કરવા માટે થઈ રહ્યું છે, એમ શરદ પવારે પત્રકારોને નાંદેડમાં શનિવારે જણાવ્યું હતું.

### ૧૩ દિવસમાં થશે

કરતા ‘મુંબઈ સમાચાર’ને જણાવ્યું હતું કે ૨૫ મે સુધીમાં મુંબઈનાં નાળા સાફ થઈ જશે. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે છેલ્લાં પાંચ વર્ષમાં નાળાની સફાઈની જે પદ્ધતિએ થઈ રહી છે તે જ પદ્ધતિએ આ વર્ષે પણ થઈ રહી છે, જોકે આનો અર્થ એવો પણ કાઢી શકાય કે પાંચ વર્ષની જેમ આ વર્ષે પણ શહેરના મોટા ભાગના વિસ્તારોમાં જળબંબાકાર જોવા મળશે.

સામાન્ય રીતે માર્ચ મહિનામાં જ નાળાની સફાઈ ચાલુ થઈ જતી હોય છે. પરંતુ આ વર્ષે એપ્રિલના બીજા અઠવાડિયાથી નાળાની સફાઈનું કામ ચાલુ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન પાલિકા કમિશનર ઈકબાલસિંહ ચહલે નાળાસફાઈનું કામ કૉન્ટ્રેક્ટરોને બે શિફ્ટમાં વધુ માણસો રાખીને ૧૫ મે સુધી પૂરું કરવાનો લક્ષ્યાંક રાખ્યો હોવાનું કહ્યું હતું. જોકે તેમની ૧૫ દિવસની મુદત આજે પૂરી થવાની છે ત્યારે મુંબઈમાં સરેરાશ માંડ ૫૩ ટકા જેટલી જ નાળાસફાઈ થઈ હોવાનું પાલિકાના અધિકારીએ જણાવ્યું હતું.

પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ મુંબઈ શહેરમાં ૧૪ મે સુધીમાં માત્ર ૩૭ ટકા નાળાસફાઈ થઈ છે. પૂર્વ ઉપનગરમાં મા૬ ૬૫ ટકા તો પશ્ચિમ ઉપનગરમાં ૫૭ ટકા નાળાસફાઈ થઈ છે. જ્યારે મીઠી નદીની ૮૭ ટકા અને મુંબઈના માઈનર નાળાઓની માત્ર ૬૮ ટકા સફાઈ થઈ છે. અહીં નોંધનીય છે કે હજી અઠવાડિયા પહેલા જ પાલિકાએ શહેરનાં નાળાસફાઈનું કામ અત્યંત ધીમી ગતિએ ચાલી રહ્યું હોઈ સાત કૉન્ટ્રેક્ટરોને નોટિસ ફટકારી હતી. છતાં શનિવારે સુધીમાં માત્ર મુંબઈ શહેરમાં માત્ર ૩૭ ટકા નાળાસફાઈ થઈ છે.

કામ જે ધીમી ગતિએ ચાલી રહ્યું છે અને ચોમાસાનું આગમન જલદી થવાની શક્યતા વચ્ચે આ વર્ષે પણ ચોક્કસ મુંબઈમાં પાણી ભરાવાની શક્યતા જણાઈ રહી છે. જોકે પાલિકા કમિશનર ઈકબાલસિંહ ચહલે ‘મુંબઈ સમાચાર’ સાથે વાત કરતા એવો દાવો કર્યો હતો કે મુંબઈનું કામ સમયસર એટલે કે ચોમાસાના આગમાન પહેલા ૨૫ મે, ૨૦૨૨ સુધીમાં પૂરું થઈ જશે.

મુંબઈમાં અત્યાર સુધી સરેરાશ માંડ ૫૩ ટકા નાળાસફાઈ થઈ હોવાનો સવાલ કરવામાં આવતા કમિશનરે જવાબમાં કહ્યુ હતું કે મુંબઈમાં ચોમાસા પહેલાં ૭૫ ટકા, ચોમાસા દરમિયાન ૧૫ ટકા અને ચોમાસા બાદ ૧૦ ટકા નાળાસફાઈ કરવામાં આવે છે. નિયમ મુજબ ચોમાસા પહેલાની ૭૫ ટકા નાળાસફાઈ કરવાની છે, તે મુજબ કામ ચાલી રહ્યું છે અને ચોમાસાના આગમન પહેલા સફાઈનું કામ પૂરું થઈ જશે.

દક્ષિણ મુંબઈ ધીમી ગતિએ કામ ચાલી રહ્યું હોઈ કોન્ટ્રેક્ટરોને નોટિસ આપી હોવા છતાં કામ એ જ ગતિએ ચાલી રહ્યું હોવા બાબતે સવાલ કરવામાં આવતા તેમણે કહ્યું હતું કે મુંબઈ શહેરમાં નાળાની સંખ્યા ઓછી હોવાથી નાળાસફાઈનો આંકડો ઓછો જણાઈ રહ્યો છે. વધુમાં તેમણે એમ પણ કહ્યું હતું કે છેલ્લા પાંચ વર્ષમાં જે રીતે નાળાસફાઈ થઈ રહી છે એ મુજબ નાળાસફાઈનું કામ થઈ રહ્યું છે.

કમિશનરના કહેવા મુજબ છેલ્લાં પાંચ વર્ષમાં જે રીતે નાળાસફાઈનું કામ કર્યું છે, તે રીતે જ આ વર્ષે પણ કામ કરવામા આવી રહ્યું છે. તેમાં અત્યાર સુધી મુંબઈ શહેરમાં નાળાસફાઈની ટકાવારી માંડ ૩૭ ટકા થઈ છે, તેથી દર વર્ષે જેમ મુંબઈ શહેરમાં પાણી ભરાતા હોય છે, તે મુજબ જ આ વર્ષે પણ મુંબઈ શહેર જળબંબાકાર થવાની શક્યતા છે.

#### અહીં નાળાસફાઈ માહિતી ઘરબેઠા મળશે

નાળાસફાઈના કામમાં પારદર્શકતા લાવવા તથા કૉન્ટ્રેક્ટરના કામ પર નજર રાખવા માટે કમ્પ્યુટર સિસ્ટમ નિષ્ણાતની નિમણૂક કરીને પાલિકાએ એક સૉફ્ટવેર ડેવલપ કરીને એક ડેશબોર્ડ બનાવ્યું છે. આ આધુનિક સિસ્ટમની મદદથી પાલિકા પ્રશાસન કૉન્ટ્રેક્ટરના કામ પર બારીકાઈથી નજર રાખવાનો દાવો કર્યો છે. આ સિસ્ટમની મદદથી ઘરેબેઠા નાળાસફાઈના કામ પર નજર રાખી શકાશે. મુંબઈગરા પોતાના વોર્ડમાં કયા નાળાં અને ગટરને કેટલી સાફ કરી છે તે વેબસાઈટ પરથી જાણી શકશે. પાલિકાની વેબસાઈટ પર સોફ્ટવેરની લિંક http://swd.mcgm.gov.in/wms2022 પર ક્લીક કરવાથી તમામ માહિતી મળશે.

#### આખા વર્ષ દરમિયાન ૯ લાખ કચરો કાઢવાનો લક્ષ્યાંક

ગટર, નાળાં અને નદીઓમાંથી દર વર્ષે ચોમાસા પહેલાં ગાળ કાઢીને ડમ્પિંગ ગ્રાઉન્ડમાં ઠાલવવામાં આવે છે. મોટા નાળામાંથી લગભગ ૪ લાખ ૬૩ હજાર મેટ્રિક ટન તો નાના નાળા અને ગટરમાંથી ૪ લાખ ૨૪ મેટ્રિક ટન જેટલો ગાળ કાઢવામાં આવે છે.

કુલ લગભગ ૮ લાખ ૮૮ હજાર મેટ્રિક ટન ગાળ મુંબઈ બહાર લઈ જવામાં આવે છે. તેમાંથી કુલ ૭૫ ટકા ગાળ ચોમાસાં પહેલાં કાઢવામાં આવે છે. બોક્સ

#### મુંબઈમાં આટલાં નાળાં

મુંબઈમાં ૩૦૯ મોટાં નાળાં છે. તેની લંબાઈ સાધારણ રીતે ૨૯૦ કિલોમીટર છે, તેમ જ મુંબઈમાં ૫૦૮ નાનાં નાળા છે. તેની લંબાઈ ૬૦૫ કિલોમીટરની છે. એ સિવાય પાલિકા વિસ્તારમાં રસ્તાને લાગીને ગટરો આવેલી છે, તેની લંબાઈ લગભગ ૨,૦૦૪ કિલોમીટરની છે.

### ઉદ્ધવ ઠાકરેએ મનસે

બાળ ઠાકરેની શિવસેના નથી તો ભાજપ અટલ બિહારી વાજપેયીની છે? તેમણે બાબરી ધ્વંસનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે ભાજપનું નેતૃત્વ પલાયનવાદી છે, જે કાર્યકર્તાઓને કાર સેવા માટે તો બોલાવે છે, પરંતુ બાબરી ધ્વંસ થયા બાદ હાથ ઊંચા કરી નાખે છે. તેમણે એમ પણ કહ્યું હતું કે ભાજપે મોંઘવારી પર અને બેરોજગારી પર બોલવું જોઈએ.

રાજ ઠાકરેની હાંસી ઉડાવતાં કહ્યું હતું કે હમણાં એક ભાઈ કહેતાં હતા કે નવા મુન્નાભાઈ આવ્યા છે. આ ભગવી શાલ ઓઢે છે, હિંદુત્વની વાત કરે છે. પોતાને બાળ ઠાકરે સમજવા લાગ્યા છે. આમ કહીને તેમણે મુન્નાભાઈ એમબીબીએસ ફિલ્મનો ઉલ્લેખ કરીને જણાવ્યું હતું કે ફિલ્મના અંતમાં શું દેખાડવામાં આવ્યું છે કે તેના મગજમાં કેમિકલ લોચો થઈ ગયો હતો. આવી જ રીતે કોઈને કેમિકલ લોચો થઈ ગયો છે અને તે બાળ ઠાકરે સમજવા લાગ્યા છે.

તેમણે ભાજપની એવી પણ ટીકા કરી હતી કે કાલ સવારે જો દાઉદ ઈબ્રાહિમ ભાજપમાં જોડાવા તૈયાર હોય તો આ લોકો તેને પ્રધાન પણ બનાવશે.

તેમણે ભાજપ-મનસેને ખુલ્લી ચેતવણી આપતાં કહ્યું હતું કે બે વર્ષથી પાકેલા આંબા પડી ગયા પરંતુ આ સરકાર પડતી નથી એટલે આ બધું ચાલી રહ્યું છે. ખોટા માર્ગે જો અમારી પાછળ પડશો તો તમને ભાગતાં ભારે કરી નાખીશું. શિખંડીની જેમ લડશો નહીં. તમને દયા-માયા કરવામાં આવશે નહીં. જનતા નક્કી કરશે કે કોણે રાજકારણ કરવું અને કોણે નહીં. હવે સુધરી જાઓ. લંકામાં લોકોએ સત્તાધારીઓના મકાનો સળગાવી દીધા હતા તેની યાદ તેમણે અપાવી હતી.

### પોઝિટિવ ન્યૂઝ

રાજ્યમાં કોરોનાનો રિકવરી રેટ ૯૮.૧૧ ટકા તથા ડેથ રેટ ૧.૮૭ ટકા નોંધાયો છે. મુંબઇ મહાનગરપાલિકામાં પણ કોરોનાના કેસની સંખ્યા વધીને ૧૩૧ નોંધાઇ છે, તેથી કુલ કેસની સંખ્યા ૧૦,૬૧,૪૬૩ થઇ ગઇ છે. કોરોનાથી મુંબઇમાં પણ એક વ્યક્તિનું મોત થયું હતું. મુંબઇમાં કુલ મરણાંક ૧૯,૫૬૫ થયો છે. મુંબઇ પાલિકાની હદમાં એક દિવસમાં ૮,૯૩૪ ટેસ્ટ કરવામાં આવ્યા છે, જ્યારે કોરોનાથી ૧૭૧ દર્દી સાજા થવાથી તેની સંખ્યા ૧૦,૪૧,૦૪૧ થઇ છે. કોરોનાનો રિકવરી રેટ ૯૮ ટકા છે, જ્યારે કેસ ડબલ થવાના દિવસો ૫,૫૫૬ નોંધાયા છે. (પીટીઆઇ)

## મુંબઈ આસપાસ

### શ્રી વલ્લભનિધિ ટ્રસ્ટ - આધ્યાત્મિક ચિંતન માળા

શ્રી વલ્લભનિધિ ટ્રસ્ટ સંચાલિત આધ્યાત્મિક ચિંતનમાળામાં રવિવારઃ તા. ૧૫-૫-૨૦૨૨ના રોજ સાંજે ૫ થી ૭ દરમિયાન પ. પૂ. આદિત્ય શાસ્ત્રીજીનું ‘‘પુષ્ટિ માર્ગની વ્યવહારિકતા’’ પર પ્રવચન સાથે શર્મીલા શાહ અને વૈશાલી કેળકરના ભજનો. સર્વે સત્સંગીઓને પધારવા નિમંત્રણ છે.

### શ્રી હાલાઈ લોહાણા મહાજનઃ પરિચય મેળો

શ્રી હાલાઈ લોહાણા મહાજન - મુંબઈ સંચાલિત પરિચય સમિતિ દ્વારા લોહાણા પરિચય મેળાવડાનું રવિવાર, તા. ૨૨-૫-૨૨ને બપોરે ૨.૦૦ વાગે શ્રી હાલાઈ લોહાણા મહાજનવાડી, ઠાકુરદ્વાર રોડ ખાતે ભવ્ય આયોજન કરેલ છે. આ માટે નીચેના સ્થળોએ જઈને ફોર્મ ભરી શકાશે. શ્રી હાલાઈ લોહાણા મહાજનવાડી - ઠાકુરદ્વાર, શ્રી ચતવાની બાગ, વિલેપાર્લે (ઈ), શ્રી હાલાઈ લોહાણા બાળાશ્રમ - કાંદિવલી, શ્રી જલારામ મંદિર હોલ - કુર્લા સ્ટેશનની બાજુમાં, શ્રી લોહાણા મહાપરીષદ કે/ઓ. લોહાણા કન્યા શાળા, એન. એસ. રોડ, મુલુંડ (વે.) ઉપરોકત સ્થળોએ સોમવારથી શનિવાર ૧૧થી ૫ દરમિયાન ફોર્મ ભરી શકાશે. સંપર્કઃ ૨૩૮૨૪૨૧૫.



## દાતાને દાન માટે અપીલ

નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ ટાટા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| દર્દીઓના નામ | ઉંમર | ખર્ચ (રૂ.) |
|---|---|---|
| ૧) રાજુ રોય | ૩૮ | ૪૦,૦૦૦ |
| ૨) આશા પાટડિયા | ૬૨ | ૨,૪૯,૮૩૦ |
| ૩) રીશવ કુમાર | ૨૧ | ૩૦,૦૦૦ |
| ૪) અતુલ દાસ | ૪૪ | ૧,૭૫,૦૦૦ |
| ૫) કિરણ દેવી | ૪૫ | ૫૦,૦૦૦ |
| ૬) યુધિષ્ઠિર દેવનાથ | ૬૬ | ૫૦,૦૦૦ |
| ૭) ઉત્તમ નંદી | ૪૨ | ૫૦,૦૦૦ |
| નીચે જણાવેલ કૅન્સરના દર્દી હોલી સ્પિરીટ હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. | | |
| ૮) રોહિત પ્રભુદાસ સોની | ૪૬ | ૧,૪૦,૦૦૦ |
| ૯) ચંપાબાઈ | ૭૭ | ૧,૪૯,૪૭૦ |
| નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ કામા એન્ડ એબલ્સ હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. | | |
| ૧૦) અરૂણાબેન દેવલી | ૫૯ | ૨૪,૦૦૦ |
| નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ ટાટા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. | | |
| ૧૧) બીરેન્દ્રકુમાર રોય | ૬૯ | ૭૫,૦૦૦ |
| ૧૨) સાગર શેખ | ૪૯ | ૭૫,૦૦૦ |
| ૧૩) અમાતી દેવી | ૪૬ | ૩૦,૦૦૦ |
| ૧૪) કમલા દેવી | ૪૯ | ૧૦૦,૦૦૦ |
| ૧૫) શીવ કુમાર | ૪૫ | ૧૦,૦૦૦ |
| ૧૬) વાશીમ રાજા શાહ | ૨૪ | ૯૦,૦૦૦ |
| ૧૭) રામ પ્રસાદ મિસ્ત્રી | ૭૦ | ૮૦,૦૦૦ |
| ૧૮) માલા દેવી | ૫૭ | ૩૦,૦૦૦ |
| ૧૯) સૌમેન રોય | ૩૦ | ૪૦,૦૦૦ |
| ૨૦) સામબીલ | ૫૭ | ૧,૦૦,૦૦૦ |

ઉપરોક્ત દર્દીઓને વધુમાં વધુ મદદ કરવાની ‘જીવન પ્રકાશ’ વિનંતી કરે છે. દાતાઓએ દાનની રકમ નીચેના સરનામે મોકલવી.

સરનામુંઃ- લાયન શ્રી ભરત પાઠક, જીવન પ્રકાશ, ૧૧/૫ અવંતિ એપાર્ટમેન્ટ, બી-વિંગ, ફ્લેન્ક રોડ, સાયન ઇસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૨.

દાનમાં આપવામાં આવતી રકમ ૮૦જી હેઠળ કરમાં રાહતપાત્ર છે.

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક